# આત્મધર્મ

માસિક : વર્ષ-૪ * અંક-૭ * માર્ચ, ૨૦૧૦



* ક્યાંય રોકાયા વિના 'જ્ઞાયક છું' એમ વારંવાર શ્રદ્ધા અને જ્ઞાનમાં નિર્ણય કરવાનો પ્રયત્ન કરવો. જ્ઞાયકનું લઢણ કર્યા કરવું.

* ભવભ્રમણ ચાલુ રહે એવા ભાવમાં આ ભવ વ્યતીત થવા દેવો યોગ્ય નથી. ભવના અભાવના પ્રયત્ન માટે આ ભવ છે.

–પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* ઈસ સંસારરૂપી ઉગ્ર મરુસ્થલમેં દુઃખરૂપ અગ્નિસે તપ્તાયમાન જીવોંકો યહ સત્યાર્થ જ્ઞાન હી અમૃતરૂપ જલસે તૃપ્ત કરનેકો સમર્થ હૈ. ભાવાર્થ–સંસારકે દુઃખ મિટાનેકો સમ્યગ્જ્ઞાન હી સમર્થ હૈ. ૧૧૫૩.

*(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૭, શ્લોક–૧૨)*

* ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થોમાં કેવળ મોક્ષ પુરુષાર્થ જ સમીચીન (બાધા રહિત) સુખ યુક્ત હોઈને સદા સ્થિર રહે છે. બાકીના ત્રણ પુરુષાર્થ તેનાથી વિપરીત (અસ્થિર) સ્વભાવવાળા છે. તેથી તે મુમુક્ષુજનોએ છોડવાયોગ્ય છે. તેથી જે ધર્મ પુરુષાર્થ ઉપયુક્ત મોક્ષ પુરુષાર્થનો સાધક થાય છે તે પણ આપણને ઈષ્ટ છે, પરંતુ જે ધર્મ કેવળ ભોગાદિનું જ કારણ થાય છે તેને વિદ્વાનો પાપ જ સમજે છે. ૧૧૫૪.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, દેશવ્રત ઉદ્યોતન, શ્લોક–૨૫)*

* દર્શનવિશુદ્ધિ વગેરે ૧૬ પ્રકારના ભાવો, બાર પ્રકારની અધ્રુવ વગેરે વૈરાગ્ય અનુપ્રેક્ષાઓ અને પાર વગરના પરિષહોનો વિજય ત્યારે જ સંભવે છે કે જ્યારે પોતામાં નિજાત્મતત્ત્વનો સાક્ષાત્કાર થયો હોય—તેના વગર એ બધુ અસંભવ જાણો. ૧૧૫૫.

*(શ્રી નેમિશ્વર–વચનામૃત–શતક, શ્લોક–૪૩)*

* જેવી રીતે સરોવરનું જળ સ્થિર થવાથી અંદર પડેલું રત્ન નિશ્ચયથી દેખાય છે, તેવી રીતે મનરૂપી જળ સ્થિર થવાથી નિર્મલભાવમાં પોતાનો આત્મા દેખાય છે. (અનુભવમાં આવે છે.) ઈન્દ્રિયોના વિષયોથી રહિત નિર્મળ વીતરાગ સ્વભાવવાળું એવું પોતાનું આત્મતત્ત્વ દેખવામાં (અનુભવવામાં) આવે છે ત્યારે ક્ષણાર્ધમાં (અડધી ક્ષણમાં) યોગીને દેવત્વ–સર્વજ્ઞત્વ પ્રગટ થાય છે. ૧૧૫૬.

*(શ્રી દેવસેનાચાર્ય, તત્ત્વસાર, ગાથા–૪૧-૪૨)*

* નિશ્ચયથી મારો આત્મા જ જ્ઞાન છે, મારો આત્મા જ દર્શન અને ચારિત્ર છે, મારો આત્મા જ પ્રત્યાખ્યાન છે, મારો આત્મા જ સંવર અને યોગ (–સમાધિ, ધ્યાન) છે. ૧૧૫૭.

*(શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા–૨૭૭)*

*

વર્ષ-૪
અંક-૭




શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

સંવત
૨૦૬૬
March
A.D. 2010

# પ્રશમમૂર્તિ ધર્મરત્ન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં
# સ્વાનુભૂતિપ્રેરક હૃદયોદ્‌ગાર

* ગુરુદેવે તો વર્ષો સુધી અહીં વાણી વરસાવી છે, ઉપદેશના ધોધ વરસાવ્યા છે. સ્વાનુભૂતિ કોને કહેવાય વગેરે સમજાવ્યું છે. ગુરુદેવે શુદ્ધાત્મતત્ત્વનો અપૂર્વ ઉપદેશ વર્ષો સુધી આપ્યો છે. એ ઉપદેશથી કેટલાય જીવોનાં પરિવર્તન થયાં છે અને આ જ કરવા જેવું છે એમ રુચિના પરિવર્તન તો ઘણાના થઈ ગયાં છે.

* અમૃતચંદ્રાચાર્યદેવ લખે છે કે મારા ગુરુથી જે શુદ્ધાત્માનો અનુગ્રહપૂર્વક ઉપદેશ મળ્યો છે તેનાથી મારો આત્મ-વૈભવ પ્રગટ થયો છે તથા તે વૈભવ નિરંતર ઝરતો આસ્વાદમાં આવતો સુંદર જે આનંદ તેની છાપવાળો પ્રચુર સ્વસંવેદનસ્વરૂપ છે. તે કેવી રીતે પ્રગટ થયો? મારા ગુરુના શુદ્ધાત્મતત્ત્વના અનુગ્રહપૂર્વકના ઉપદેશથી પ્રગટ થયો છે. મારા ગુરુએ કૃપા કરી ઉપદેશ આપ્યો તેનાથી તે પ્રગટ થયો છે. કુંદકુંદાચાર્યની શી વાત કરીએ! તેઓ કહે છે કે મારો જ્ઞાનનો વૈભવ પ્રગટ થયો છે તેનાથી હું સમયસાર કહું છું. એવો વૈભવ પ્રગટ થાય તે છાનો રહેતો નથી. અંતરમાંથી આત્મા પ્રગટ થાય તે શું છાનો રહેતો હશે?

* અનંતગુણથી ભરેલો આત્મા પોતે જુદા જુદા સ્વભાવોમાં રમતો ઝૂલતો, તેમાં કેલી કરતો પ્રગટ થાય તે કાંઈ છાનું રહેતું નથી. ભેદજ્ઞાન પ્રગટ થાય તે કાંઈ છાનું રહેતું નથી. તે ભેદજ્ઞાન અપૂર્વ છે, અનુપમ છે, તેને કોઈ ઉપમા લાગુ પડતી નથી.

* સાચા ગુરુ મળ્યા હોય અને સાચી પ્રતીતિ થઈ હોય તો તેની પ્રતીતિ દૃઢ જ રહે છે. સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ જેને મળે અને અંતરથી સાચું ગ્રહણ થાય તો તેને વિશ્વાસ જ રહે છે કે આ રસ્તે જ આત્મસાક્ષાત્કાર થવાનો છે, બીજો કોઈ રસ્તો નથી. મારા

પુરુષાર્થની મંદતા છે તેથી હું નથી કરી શકતો. પણ તેની રુચિ એમાં જ રહ્યાં કરે કે આ રસ્તે જવાનું છે, બીજો કોઈ રસ્તો નથી. બહારમાં એની રુચિ મંદ પડી જાય અને અંદરમાં હૂંફ આવી જાય કે આ જ રસ્તો છે. સાચા ગુરુ મળે અને અંતરથી વિશ્વાસ ન આવે એમ બને નહિ. માટે હજી સાચો વિશ્વાસ નથી આવતો તો ગુરુને ઓળખ્યા જ નથી. ગુરુને પરીક્ષા કરીને સ્વીકાર કરે તો તેને ભટકવું ન પડે, માર્ગ નક્કી જ થઈ જાય, કારણ કે આત્મામાં એટલું નક્કી કરવાની શક્તિ છે કે માર્ગ આ જ સાચો છે. ગુરુ કહે છે તે બરાબર છે એમ બુદ્ધિથી નક્કી કરી શકે છે.

* અહીં ગુરુદેવ બિરાજતા હતા. તેમની વાણીમાં એવો ધોધ વરસતો હતો અને એવી અપૂર્વતા હતી કે બીજાને નક્કી જ થઈ જાય કે માર્ગ આ જ છે. બુદ્ધિથી વિચાર કરે તેને સાચો માર્ગ ન મળે અને નક્કી ન થાય એમ બને જ નહિ. સાચા ગુરુ મળે તેને પોતાને અંદરથી વિશ્વાસ ને હૂંફ આવી જાય, પછી તેને ભટકવાનું રહે જ નહિ. જેને હૂંફ આવી જાય તેને પછી ભલે પુરુષાર્થ મંદ થાય કે પુરુષાર્થ ન કરી શકે, પણ તેની રુચિ આખી બદલાઈ જાય કે આત્મા જુદો છે. ભલે મને માર્ગ નથી પકડાતો, પણ માર્ગ તો આ જ સાચો છે. ભેદજ્ઞાનના રસ્તે જ જવાનું છે, અંતરમાં જ માર્ગ છે—એમ અંતરમાંથી તેને વિશ્વાસ આવી જાય છે. સાચા ગુરુ મળે અને પોતે નક્કી કરે તો ક્યાંય ભટકવાનું રહેતું જ નથી.

* યથાર્થ રુચિ થવી જોઈએ, તો ભેદજ્ઞાન થાય. અનંતકાળથી વિકલ્પમાં ને વિકલ્પમાં ચાલ્યો જાય છે. પણ જો તેની રુચિ યથાર્થ હોય તો ભેદજ્ઞાન થાય. આત્માનું જ્ઞાન યથાર્થ કરવું જોઈએ. અનાદિ-અનંત હું કોણ છું? મારો સ્વભાવ શું છે? તેમાં જે અનેક જાતની અવસ્થાઓ થાય છે તે શું છે? આ બધું પોતાને યથાર્થ સમજવું જોઈએ. તેની રુચિ યથાર્થ થવી જોઈએ. અંતરમાંથી એવી લગની લાગે તો ભેદજ્ઞાન થાય, રાત ને દિવસ આત્મા વિના ચેન ન પડે, મારો આત્મા કેમ પ્રગટ થાય? એવી લગની અંતરથી લાગે તો ભેદજ્ઞાન થાય. તેની લગની લાગવી જોઈએ, પછી તો સ્વભાવમાંથી જ સ્વભાવ પ્રગટે છે. આ જે વિકલ્પ છે તે તો બધા વિભાવ છે. વિભાવમાંથી સ્વભાવ નથી આવતો, સ્વભાવમાંથી સ્વભાવ આવે છે. જેમ લોઢામાંથી લોઢું જ આવે, સોનામાંથી સોનું જ થાય, એમ સ્વભાવમાંથી સ્વભાવ પ્રગટે, વિભાવમાંથી વિભાવ જ પ્રગટે. માટે પોતાનો સ્વભાવ ગ્રહણ કરવો અને તે માટે રુચિ પ્રગટ કરવી જોઈએ. પહેલાં તેની રુચિ કરે, તેનું ભેદજ્ઞાન ક્ષણે ક્ષણે કરે કે આ વિભાવ હું નથી, મારું ચેતન સ્વરૂપ જુદું છે—એમ વારંવાર અભ્યાસ કરે તો એમાં એકાગ્રતા થાય.

* બહારમાં કાંઈ સારભૂત નથી, સુખ દેખાતું નથી. આ બધું ગમે તેટલું કરીએ તોપણ સંતોષ આવતો નથી. તૃપ્તિ થતી નથી. અહીંથી સુખ મળશે. અહીંથી સુખ મળશે એમ જીવ ફાંફાં માર્યા કરે છે પણ સંતોષ નથી આવતો તે એમ બતાવે છે કે સુખસ્વરૂપ વસ્તુ કોઈ જુદી અંતરમાં છે. બહારમાં સંતોષ નથી આવતો અને જે સુખનું ધામ છે તે પ્રગટ થાય પછી બીજી ઈચ્છા જ નથી થતી. એવી કોઈ વસ્તુ અંતરમાં રહેલી છે. એ પ્રગટ થાય ક્યારે?–કે જીવ પોતે પુરુષાર્થ કરે ત્યારે. પહેલાંથી કોઈને ઝાંખી થતી નથી, પણ જે મહાપુરુષોએ પ્રગટ કર્યું છે તે તને બતાવે છે કે તું આ કર, અમે તેનો અનુભવ કરીને તને કહીએ છીએ અને પછી તેનો વિશ્વાસ કરે તો તેની સ્વાનુભૂતિ થાય છે. સાક્ષાત્કાર થાય છે. આત્મા સુખનું ધામ છે તેનો વિશ્વાસ કર, જેમ મા–બાપ છોકરાને બતાવે તો છોકરો મા-બાપનો વિશ્વાસ કરે છે; તેમ જ્ઞાની બતાવે છે તો પોતાની બુદ્ધિથી થોડો વિચાર કરે, પછી જ્યાં સુધી અનુભવ ન થાય ત્યાં સુધી જ્ઞાનીઓના વચન ઉપર વિશ્વાસ કરતો જાય. જેમ કોઈની દુકાને નાણાં મૂકવા હોય તો માણસ આખી દુકાન ન જોવે પણ એના અમુક લક્ષણ ઉપરથી ઓળખે કે આની દુકાન સારી ચાલે છે. એમ લક્ષણથી ઓળખી લેવું જોઈએ.

* મહાપુરુષો કાંઈ સ્વાનુભૂતિ બતાવી શકે નહિ, પણ તેના લક્ષણ બતાવે. લક્ષણથી પોતે વિચાર કરવો, કારણ કે પોતાને સુખ જોઈએ છે. માટે એટલી તૈયારી તો જોઈએ. બહારમાં ક્યાંય સુખ નથી, સંતોષ નથી, મારે કાંઈ બીજું જ જોઈએ છે. એટલી જિજ્ઞાસા તો હોવી જ જોઈએ. પછી જ્ઞાની જે બતાવે તેનો વિશ્વાસ કરીને તે માર્ગે પુરુષાર્થ કરવો જોઈએ. તો પ્રગટ થાય. ઝાંખી નથી તો બુદ્ધિથી પોતે વિચાર કરે, પરીક્ષા કરે કે આ વસ્તુ સાચી છે પછી વિશ્વાસથી પોતે આગળ વધે.

* વિકલ્પથી છૂટો પડીને, એકત્વબુદ્ધિ તોડીને જ્ઞાયકની ધારા પ્રગટ કરવી. આ એક જ ઉપાય છે. દ્રવ્યને ગ્રહણ કર્યું, દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરી, પણ તે દૃષ્ટિ ટકાવવી જોઈએ. માન્યતામાં લીધું, નક્કી કર્યું છે કે હું જુદો છું, પણ તે રૂપે કાર્ય થાય તો સાચું નક્કી કર્યું કહેવાય. જુદો છું એમ નક્કી કર્યું અને પાછી એકત્વબુદ્ધિ થઈ જાય તો તેણે સાચું નક્કી કર્યું નથી. જેને સાચું નક્કી થાય તેને જુદો પાડવાનો પ્રયત્ન અંદર આવ્યા વગર રહેતો નથી. ગડમથલ કરતાં સાચું તો આ જ છે, માર્ગ આ જ છે, એમ શ્રદ્ધારૂપ પરિણતિ થાય છે. વિચારથી શ્રદ્ધા થાય તે જુદી છે, આ તો શ્રદ્ધારૂપ પરિણતિ કાર્ય કરે છે. પછી વિશેષ ચારિત્ર થાય છે. આ શ્રદ્ધાની સાથે અમુક જાતની લીનતા થાય છે અને અનંતાનુબંધી છૂટી જાય છે. આવી અમુક જાતની પરિણતિ ઊભી થાય છે. ❑✲❑

# જૈનદર્શનનો પ્રાણ

[શ્રી સમયસાર, ગાથા-૧૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

(ગતાંકથી ચાલુ)

અવિકારી દ્રવ્યસ્વભાવને જોનારી દૃષ્ટિ શુદ્ધદૃષ્ટિ છે, સમ્યગ્દૃષ્ટિ છે અને વિકારને પોતાનું સ્વરૂપ માને, પરચીજથી ને શુભ વિકારથી ધર્મ માને તે મિથ્યાદૃષ્ટિ છે. દેહ વગેરે પરમાણુની ધૂળ અચેતન સંયોગી વસ્તુ છે, આત્મા સાથે એકસ્વરૂપે નથી અને આત્મા તે જડરૂપે નથી. તેથી પરની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. પરની કોઈ ક્રિયા આત્મા કરી શકતો નથી.

इच्छा निरोधः तपः એ ખરા તપની વ્યાખ્યા છે. ઈચ્છાનો ત્યાગ અર્થાત્ ઈચ્છાની નાસ્તિ એટલે કે વિકારનો નાશ જ તપ છે એવો તેનો અર્થ છે. જ્યારે જીવ અવિકારી નિત્ય અસ્તિ(-હોવા)રૂપ જ્ઞાયક તત્ત્વની પ્રતીત કરે છે ત્યારે તે વિકારનો નાશ થાય છે.

આ તો મહામંત્રો છે. કોઈને સર્પ કરડ્યો હોય અને પછી તે બીલમાં ચાલ્યો ગયો હોય ત્યારે ગારુડી કલમોને એવી રીતે મંત્ર ભણીને મોકલે કે જેથી સામાના નસીબ હોય તો સર્પ બહાર આવી વિષ ચૂસી જાય. (આમાં મંત્રની કિંમત નથી કરવી, પણ સિદ્ધાંત સમજવા માટે દૃષ્ટાંતનો અંશ લીધો છે.) તે મંત્ર વડે આયુષ્ય હોય તો જ વિષ ઊતરે! જ્યારે ત્રિલોકનાથ પરમાત્માએ સમ્યગ્દર્શનરૂપી મહામંત્ર એવો આપ્યો છે કે જે અનાદિથી અજ્ઞાનરૂપી સર્પ વડે ચૈતન્ય ભગવાન આત્માને ચડેલું (પરભાવમાં મમતાપણાનું) ઝેર જરૂર ઉતારી જ નાખે!

તે સમ્યગ્દર્શન કોઈના કહેવાથી કે આપવાથી મળતું નથી. સર્વજ્ઞ ભગવાને જેવો કહ્યો તેવો પોતે અનંત ગુણનો પિંડ આત્મા છે તેને સર્વજ્ઞના ન્યાય અનુસાર સત્સમાગમ વડે બરાબર ઓળખે અને અંદર અખંડ ધ્રુવ સ્વભાવનો અભેદ નિશ્ચય કરે તો જ સમ્યગ્દર્શન–આત્મસાક્ષાત્કાર થાય. તેમાં કોઈ પર વસ્તુની જરૂર પડતી નથી. આટલા પુણ્ય કરું, શુભરાગ કરું તો તેનાથી ધીમે ધીમે સમ્યગ્દર્શન થશે એ વાત ખોટી છે. કોઈ બાહ્ય ક્રિયા કરે, જાપ કરે, હઠયોગ કરે તો તેનાથી કદી પણ સહજ ચૈતન્ય આત્મસ્વભાવ પ્રગટે નહિ, ધર્મ થાય નહિ; ધર્મ તો આત્માનો સહજ સુખદાયક સ્વભાવ છે.

કોઈ કહે કે 'ધર્મ તદ્દન સહેલો કરી દીધો! બહારમાં કાંઈ કરવાનું કહ્યું નહિ!' તેનો

ઉત્તર એ કે ધર્મ એટલે અનંત સુખસ્વરૂપ આત્માનો નિત્ય સ્વભાવ! તે અનંત સુખસ્વરૂપ પ્રગટ થવાના કારણમાં કષ્ટ છે એમ જે માને છે તે સાચો ધર્મ સમજ્યો નથી. ધર્મ તો આત્માનો સ્વભાવ છે, તેથી કષ્ટપ્રદ નથી.

લોકો બહારથી માપ કાઢે છે કે છ મહિના આહાર છોડ્યો માટે ધર્મ થયો તેમ જ ધર્મમાં આકરા પરિષહ સહન કરવા પડે છે. આમ, જે ધર્મમાં દુઃખ માને છે તેણે ધર્મને ક્લેશરૂપ માન્યો છે પણ ધર્મ ક્લેશરૂપ નથી. આત્માના અણાહારી જ્ઞાનસ્વભાવના આનંદમાં લીન થતાં જ્ઞાનીને છ મહિના આહાર સહેજે છૂટી જાય છે અને દેહ સૂકાય છે તે ઉપર પણ દૃષ્ટિ જતી નથી. અખંડ સ્વરૂપની શાંતિમાં સહેજે ઇચ્છા રોકાઈ જાય તેનું નામ તપ છે. તેમાં કષ્ટ નથી પણ અવિકારી આનંદ છે.

અજ્ઞાની બાહ્ય તપ, પરિષહ વગેરે ક્રિયાથી માને છે કે મેં સહન કર્યું તેથી ધર્મ થયો, પણ તેની દૃષ્ટિ બાહ્યમાં છે તેથી ધર્મ નથી. જેને શરીર ઉપર પ્રીતિ છે તેને શરીરમાં અગવડતા થતાં દ્વેષ થાય છે. જ્ઞાનીને શરીર ઉપર રાગ નથી. તેમને તો અનુકૂળ-પ્રતિકૂળ સંયોગો જ્ઞેયમાત્ર છે. ઘણાં કષ્ટથી ધર્મ થાય એમ ત્રણ કાળ ત્રણ લોકમાં બને નહિ.

સહજસ્વભાવી આત્માનો ધર્મ અહીં ન્યાય આપીને કહેવાય છે. જેમ અજ્ઞાની—જેને જળના નિર્મળ સ્વભાવની ખબર નથી તે—તો જળને કાદવ મિશ્રિત મેલું માને છે તેથી મલિન જળને જ પામે છે. પણ જળનો નિર્મળ સ્વભાવ જાણનારા તો પોતાના હાથથી નિર્મળી ઔષધિ નાખીને પોતાના પુરુષાર્થ દ્વારા નિર્મળ જળનો જ અનુભવ કરે છે. તેમ જ્ઞાનાનંદમય આત્મા સહજ જ્ઞાયકસ્વરૂપ ચૈતન્યજ્યોતિ છે. તે અનાદિથી કર્મના સંયોગથી ઢંકાઈ રહ્યો છે, તેથી મલિન ભાસે છે. તેને કર્મે મેલો કર્યો નથી પણ પોતે ઊંધી દૃષ્ટિથી પોતાને અશુદ્ધ એવા રાગ-દ્વેષ, પુણ્ય–પાપનો કર્તા માને છે અને પોતાને રાગી-દ્વેષી માની તે વિકારી ભાવને પોતાના માને છે. આમ માનનારા વ્યવહારમૂઢ છે, કેમ કે તેમને સ્વભાવની ખબર નથી.

**અરે! દેવોને પણ દુર્લભ એવો મનુષ્ય દેહ મળ્યો છે. તેમાં અનંત ભવનો અંત લાવે એવી અપૂર્વ શ્રદ્ધા વડે એક-બે ભવમાં જ પૂર્ણ અખંડાનંદમય મોક્ષ સ્વભાવની પ્રગટ પ્રાપ્તિ થવાની છે એવો કોલકરાર નિઃસંદેહપણે અંતરમાં ન કર્યો તો જેમ કુતરા, કીડા વગેરે ભાન વગર મરે છે તેમ આત્માનું ભાન કર્યા વગરનું મનુષ્ય જીવન એળે જશે! આત્માનું અપૂર્વ ભાન કરવું તે જ મનુષ્ય જીવનનું ખરેખરું કર્તવ્ય છે. સાચી શ્રદ્ધા હોય તેને ભવના અંતની શંકા જ ન થાય!**

'જહાં શંકા ત્યાં ગણ સંતાપ, જ્ઞાન તહાં શંકા નહિ સ્થાપ;
પ્રભુ ભક્તિ ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરુ ભગવાન.'

*(શ્રીમદ્ રાજચંદ્ર)*

જ્યાં શંકા છે ત્યાં જ્ઞાન નથી અને જ્યાં સાચું જ્ઞાન છે ત્યાં શંકા રહેતી નથી. પુરુષાર્થ વડે સાચું જ્ઞાન સ્વભાવમાંથી મેળવે છે ત્યારે ગુરુ નિમિત્તરૂપ હોય છે. સ્વાધીન મોક્ષસ્વભાવની યથાર્થ શ્રદ્ધા થતાં, બંધનની માન્યતા છૂટીને વિકાર રહિત અબંધ ધ્રુવ સ્વભાવી છું એમ અંતરથી નિઃસંદેહ ખાત્રી થાય છે. ઘણાં કર્મના આવરણ તૂટ્યાં, અમુક ઢીલા થયા અને બાકીના અલ્પકાળમાં ટાળી પૂર્ણ પરમાત્મદશા પ્રગટ કરીશ એવી નિઃશંક શ્રદ્ધા આત્મામાં થઈ શકે છે.

આત્મામાં અનંત સ્વાધીન ગુણો ભર્યા છે તે નહિ જોતાં અજ્ઞાની બાહ્યથી—કર્મરૂપ નિમિત્તમાં જોડાવાથી—પર ઉપર દૃષ્ટિથી—અભેદમાં ભેદ પડે છે તેમ જ પુણ્ય-પાપના ભાવ થાય છે તેને જ આત્માનું સ્વરૂપ માને છે. જે જીવ પુણ્યથી ઠીક થયું માને છે તે જીવને વિકારી ભાવનો આદર હોવાથી અવિકારી આત્માનો આદર નથી. પુણ્ય તો શુભરાગ છે, તેનો આદર કરવો તે મહામૂઢતા છે. તે ક્ષણિક ટકનાર ભાવોનો આશ્રય કરનાર મિથ્યાદૃષ્ટિ છે.

**'પણ ભૂતાર્થદર્શીઓ (-શુદ્ધનયને દેખનારાઓ) પોતાની બુદ્ધિથી નાખેલા શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી ઊપજેલા આત્મ-કર્મના વિવેકપણાથી, પોતાના પુરુષાર્થ દ્વારા આવિર્ભૂત કરવામાં આવેલા સહજ એક જ્ઞાયકભાવપણાને લીધે તેને(-આત્માને) જેમાં એક જ્ઞાયકભાવ પ્રકાશમાન છે એવો અનુભવે છે.'**

સ્વતંત્રતાના દ્વાર ખોલનાર અને પરતંત્રતાની બેડી તોડનાર પરમાર્થ ભાવ છે. મારો સ્વભાવ પૂર્ણ પવિત્ર સિદ્ધપરમાત્મા સમાન શુદ્ધ છે. તે ધ્રુવ સ્વભાવને જ ભૂતાર્થદર્શીઓ શુદ્ધનય વડે પોતાનું સ્વરૂપ માને છે. શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી પરથી ભિન્ન એકમાત્ર જ્ઞાયકપણે જ પોતાને અનુભવે છે. ભગવાનઆત્મા સદાય અક્રમ, અરૂપી, અવિકારી, નિર્મળ જ્ઞાનમૂર્તિ છે. તેને પરમાર્થ ધ્રુવપણે જોનારા જ્ઞાનીઓ આત્માને ભેદરૂપ, ક્ષણિક કે વિકારપણે છે એમ જોતા નથી.

આ સમજતાં વાર લાગે તો મુંઝાવું નહિ પણ ધીરજ રાખી સમજવા પ્રયત્ન કરવો. જો પ્રથમથી જ 'નહિ સમજાય' એમ માનીને સમજવાનો પુરુષાર્થ નથી કરતો તો ફરીને અનંતકાળ સાચી સમજણ કરવાનાં બારણાં બંધ કરે છે. ભૂલ વર્તમાન એક સમય પૂરતી છે, ત્રિકાળી સ્વભાવ ભૂલરૂપે થઈ ગયો નથી. માટે સમજીને ભૂલ ટાળવી જોઈએ.

ભૂતાર્થદર્શીને (-શુદ્ધદૃષ્ટિથી જોનારાને) 'હું એકલો નિર્મળ છું, ધ્રુવ છું' એવો વિવેક હોવાથી પોતાના પુરુષાર્થ દ્વારા જ્ઞાનજ્યોતિ પ્રગટે છે અને તે શુદ્ધનય અનુસાર બોધ છે. તે બોધમાત્રથી નિર્મળ ધ્રુવ સ્વભાવનું ભાન તથા આત્મા અને કર્મની જુદાઈનો વિવેક ઉત્પન્ન થાય છે. પોતાના પુરુષાર્થ દ્વારા પ્રગટ કરવામાં આવેલ સહજ એક જ્ઞાયક સ્વભાવને જ સમ્યગ્દૃષ્ટિ શુદ્ધનય વડે અનુભવે છે અને આ સમ્યગ્દર્શન છે.

કોઈ કહે કે સમયસારમાં બી.એ. અને એલ.એલ.બી. જેવી ઊંચી ભૂમિકાની વાત છે; તો તેમ નથી. જે સાચું આત્મહિત કરવા માગે છે તેને માટે આમાં પ્રથમ ઉપાયની વાત છે. બધા જીવો સિદ્ધ પરમાત્મા સમાન છે. તું પણ સિદ્ધ સમાન છો, તેથી તું નહિ સમજે તો શું જડ સમજશે?

કોઈ કર્મની રાડ નાખે છે કે કર્મે મારી નાખ્યા! કર્મ માર્ગ આપે તો ધર્મ સૂઝેને! પણ ભાઈ! કર્મ તો જડ, આંધળાં, ભાન વગરના છે. તેને ખબર નથી કે અમે કોણ છીએ, ક્યાં છીએ. પરમાર્થે તને તેનું બંધન નથી પણ તારી ઊંધી માન્યતાનું બંધન છે. ભૂલ રહિત ત્રિકાળી નિર્મળ પૂર્ણ સ્વભાવને જોઈ, સવળી માન્યતા કર તો તારાથી અશુદ્ધતા નાશ પામવા યોગ્ય છે. તે અભૂતાર્થ છે એટલે કે નિત્ય ટકનાર સ્વભાવમાં નથી.

હું અખંડ ચૈતન્યજ્યોતિ, ત્રિકાળી નિર્મળ એકરૂપ આનંદમૂર્તિ છું. એમ શુદ્ધ પરમાર્થ દૃષ્ટિ વડે પોતાને અખંડ જ્ઞાયક વીતરાગી સિદ્ધપરમાત્મા જેવો જે અનુભવે છે તે જ પોતાના ધ્રુવ સ્વરૂપને માને છે અને તેથી તે પરનું-વિકારનું ધણીપણું કરતો નથી.

દૃષ્ટિ નિર્મળ કર્યા પછી પણ શુભભાવ થાય ખરો પણ તેનો આદર હોતો નથી. જ્ઞાનીને ભાન છે કે વર્તમાન મારી નબળાઈના કારણે શુભભાવ થાય છે પણ તે મારો સ્વભાવ નથી. મારો સ્વભાવ તો શુદ્ધ વીતરાગ છે અને એ સ્વભાવની દૃષ્ટિના જોરે તેને વિકારનો નકાર વર્તે છે.

જેમ કોળીનાં ગંદાં છોકરાં ઘરના આંગણે રમવા માટે આવી ગયા હોય તો તેમને જોઈને 'આ મારો વંશ રાખનારા આવ્યાં' એમ પોતાપણાની માન્યતા થતી નથી, પણ 'આ મારા ઘરનાં નથી' એમ જાણીને આંગણામાંથી બહાર કાઢી મૂકે છે; તેમ ચૈતન્યમૂર્તિ ભગવાનઆત્મામાં પોતાની નબળાઈને કારણે રાગ-દ્વેષ તથા સંકલ્પ-વિકલ્પવાળી વૃત્તિ જ્ઞાનીને દેખાય છે, પણ તેનો પૂર્ણ સ્વભાવની દૃષ્ટિના જોરે નકાર કરે છે.

અંતરમાં શુભ-અશુભ ભાવોમાં હેયબુદ્ધિ હોવાથી અને ત્રિકાળી, અખંડ, નિર્મળ, પૂર્ણ સામર્થ્યપણે હું છું એમ સ્વભાવનો આદર હોવાથી શુદ્ધનય વડે પોતાના પૂર્ણ અખંડ આત્માનું ભાન એટલે કે સમ્યગ્દર્શન થાય છે અને તે જ મુક્તિના મહેલમાં પ્રવેશ કરવા માટેનું પ્રથમ દ્વાર છે.

'અહીં, શુદ્ધનય કતકફળના'–નિર્મળી ઔષધિના 'સ્થાને છે તેથી જેઓ શુદ્ધનયનો'–અંતર નિર્મળદૃષ્ટિનો 'આશ્રય કરે છે તેઓ જ સમ્યક્ અવલોકન કરતા (હોવાથી) સમ્યગ્દૃષ્ટિ છે, પણ બીજા (-જેઓ અશુદ્ધનયનો સર્વથા આશ્રય કરે છે તેઓ) સમ્યગ્દૃષ્ટિ નથી.' અર્થાત્ શુભાશુભભાવનો આશ્રય કરનારા તેમ જ ભેદરૂપ વ્યવહારના પક્ષપાતી વ્યવહારમૂઢ છે–મિથ્યાદૃષ્ટિ છે.

પુણ્યથી ધર્મ થશે, પુણ્ય તો ધર્મની શરૂઆત છે, વળાવીઓ છે, ધર્મનું સાધન છે તથા ગુણ માટે બાહ્ય ક્રિયા જોઈએ એમ વિકારથી કે બંધન-ભાવથી અવિકારી અબંધ સ્વભાવ પ્રગટ થશે–એમ માનનારા તથા દેહની અને પુણ્ય-પાપની ક્રિયાનો હું કર્તા છું, પરથી મને લાભ-નુકશાન થાય છે, પરના અવલંબને ગુણ થાય છે–એવા અજ્ઞાનરૂપ અભિપ્રાયને માનનારા સમ્યગ્દૃષ્ટિ નથી.

'માટે કર્મથી ભિન્ન આત્માના દેખનારાઓએ' શુદ્ધનયથી નિરાવલંબી પૂર્ણ નિર્મળ સ્વભાવને માનનારાઓએ 'વ્યવહારનય અનુસરવા યોગ્ય નથી.'

આવું બધું સમજવા કરતાં જેને જગત 'ઠીક' ગણે તેવું કરવું લોકોને ઠીક લાગે છે. કોઈ કહે કે 'રૂા. ૫૦૦૦ ખરચો તો કલ્યાણ થઈ જાય.' પણ એવું 'કલ્યાણ' તો અનંતવાર જીવે કર્યું છે, પરંતુ તેથી ધર્મ થયો નથી. આવો અંતરનો સૂક્ષ્મ સ્વભાવ જીવ સમજ્યો નથી અને બહારથી સારું દેખાય તેમાં ધર્મ માની સંતોષાઈ ગયો છે. તેને કહેનારા પણ ઘણા મળે કે ''ભાઈએ 'ભારે' પરમાર્થના કામ કર્યાં. હવે ભાઈનું 'કલ્યાણ' થઈ જશે.'' પણ જો પૈસાથી ધર્મ થતો હોય તો નિર્ધનને ધર્મ થાય નહિ. પૈસા આપ્યા તે પુણ્યનું કારણ નથી, પણ અંદરમાં પૈસા પ્રત્યેનો રાગ ઘટાડે તો પુણ્ય થાય. લોકોમાં આબરું ખાતર પૈસા આપે અને 'ધર્માદો કરું છું' એમ માને તો પૈસા આપ્યા છતાં પરના અભિમાનના કારણે પાપ થાય. પૈસા આપે તો પુણ્ય થાય એવું નથી, કેમ કે પૈસા તો પર-જડ વસ્તુ છે. દેહાદિની પ્રવૃત્તિ થઈ તેથી કે પૈસા આપવાથી પુણ્ય થયું એમ માનવું તે ખોટું છે. પૈસા તો સામાના પુણ્યને કારણે અને જડની અવસ્થાના કારણે તે કાળે ગયા છે. તેથી પરના કારણે પુણ્ય નથી, પણ કષાય મંદ પાડે તો પુણ્ય થાય. જ્યારે

અંતર તત્ત્વની ઓળખાણ કરે અને તૃષ્ણા-રાગ રહિત હું અવિકારી કોણ છું તેનું યથાર્થ ભાન કરે તે ધર્મ છે. સ્વભાવને જાણ્યા વગર શુભભાવથી દાન દેતાં તૃષ્ણા ઘટાડી દેખાય, પણ પરમાર્થે તૃષ્ણા ઘટી નથી. તેણે વર્તમાન તૃષ્ણા ઘટાડી એમ દેખાય, પણ દૃષ્ટિ તો પર ઉપર પડી છે તેથી ભવિષ્યમાં પુણ્યના ફળમાં મૂઢ થઈ જશે.

પરાશ્રિત એવા વ્યવહારમાં જેને ઉપાદેય બુદ્ધિ છે, વિકારના કર્તવ્યને જે ઠીક માને છે તેનું કોઈ રીતે હિત થતું નથી. માટે નિરાવલંબી, નિરપેક્ષ જ્ઞાયક સ્વભાવને અનુસરવાથી સમ્યગ્દર્શન થાય છે.

આ ગાથામાં સમ્યગ્દર્શનનું સ્વરૂપ બહુ સાદી ભાષામાં, અલૌકિક રીતે, સ્વચ્છ પાણી અને કાદવના દૃષ્ટાંતે, સર્વે—નાનું બાળક પણ—સમજે તેમ સમજાવ્યું છે. આ વાત વારંવાર સાંભળી મનન કરે તો ગમે તે વ્યક્તિ ભગવાન આત્મા નિર્મળ જ્ઞાયક છે તેનો અનુભવ જાતે કરી શકે છે.

શ્રોતા :—પુણ્ય-પાપની વૃત્તિ અભૂતાર્થ-અસ્થાયી કેમ કહો છો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ઘણા માણસો વચ્ચે ખરડો થતો જોઈ કોઈને રૂા. ૫૦૦૦ આપવાનો શુભભાવ થઈ જાય અને તેથી લખાવે. પણ જ્યાં ઘરે જાય ત્યાં વિચાર ફરી જાય. તેથી જ્યારે કોઈ ઉઘરાણી કરવા આવે ત્યારે રૂપિયા આપવાની પોતાની દાનત ન હોય એટલે સામાનો વાંક કાઢે કે તમારી સંસ્થા બરાબર ચાલતી નથી તેથી હાલ પૈસા આપવાનો ભાવ નથી. એમ તૃષ્ણા રાખીને જશ લેવો છે પણ તૃષ્ણા ઘટાડવી નથી. સામાની સંસ્થા સારી ચાલે કે ન ચાલે તેનાથી તારી તૃષ્ણામાં ફેર પડવાનો નથી, તેથી તું જ્યારે તૃષ્ણા ઘટાડવા માગે ત્યારે ઘટાડી શકે છે.

આમાં સિદ્ધાન્ત એટલો છે કે પુણ્ય-પાપના ભાવો ક્ષણિક, સંયોગાધીન હોવાથી ફરી જાય છે, તેથી અસ્થાયી-અભૂતાર્થ છે અને પુણ્ય-પાપ વિનાનું ત્રિકાળી અખંડ નિર્મળ સ્વરૂપ છે તે પરમાર્થ નિત્યસ્વભાવ ક્યારેય ફરે નહીં. તેથી શુદ્ધનય (નિત્યસ્વભાવ) ભૂતાર્થ છે.

શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી સ્વ-પરની જુદાઈનો વિવેક અને શુદ્ધાત્માનો અનુભવ થવા લાગે છે. આમાં સાધન તો 'શુદ્ધનય અનુસાર બોધ થવામાત્રથી' કહ્યું, પણ બીજું કાંઈ—પરનું અવલંબન, ક્રિયા કે શુભ વિકલ્પ વગેરે—કહ્યું નથી.

### ❁ ભાવાર્થ ❁

'અહીં વ્યવહારનયને અભૂતાર્થ અને શુદ્ધનયને ભૂતાર્થ કહ્યો છે'.

પૂર્ણ જ્ઞાનાનંદ સ્વરૂપ આત્મા અખંડ વસ્તુ છે. તેના લક્ષથી ખસતા પર સંયોગના લક્ષે પુણ્ય-પાપની વૃત્તિ થાય છે અને ત્યારે અખંડ ધ્રુવ સ્વભાવમાં ખંડ–ભંગ પડી જાય છે. જેમ નદીનો પ્રવાહ અખંડ છે, પણ વચ્ચે નાળાં આવતાં તેના પ્રવાહમાં ખંડ પડી જાય છે. તેમ ત્રિકાળી જ્ઞાયક ચૈતન્ય સ્વભાવ એકરૂપ જ છે. તેમાં વર્તમાન ક્ષણિક અવસ્થા પૂરતો કર્મરૂપ નિમિત્તાધીન શુભાશુભ ભાવ થાય છે તે વ્યવહાર છે. આવો વ્યવહારનયનો વિષય ભેદ-અનેકાકાર છે તેનો આશ્રય કરનાર—શુભાશુભ વિકારને દૃષ્ટિનો વિષય બનાવનાર—મિથ્યાદૃષ્ટિ છે.

'જેનો વિષય વિદ્યમાન ન હોય, અસત્યાર્થ હોય, તેને અભૂતાર્થ કહે છે. વ્યવહારનયને અભૂતાર્થ કહેવાનો આશય એવો છે કે શુદ્ધનયનો વિષય અભેદ એકાકારરૂપ નિત્ય દ્રવ્ય છે, તેની દૃષ્ટિમાં ભેદ દેખાતો નથી; માટે તેની દૃષ્ટિમાં ભેદ અવિદ્યમાન, અસત્યાર્થ જ કહેવો જોઈએ.' નિર્મળ અખંડ સ્વભાવની દૃષ્ટિ કર્યા પછી પણ ચારિત્રમાં ઊણપને લીધે શુભવૃત્તિ થાય તે વ્યવહારનયનો વિષય છે. વ્યવહારનયનો વિષય એક સમય પૂરતો ભેદ છે, તેથી ભૂતાર્થ દૃષ્ટિમાં ભેદરૂપ વ્યવહાર અસત્યાર્થ–અવિદ્યમાન છે.

'ભેદરૂપ વ્યવહાર અવિદ્યમાન છે' એમ કહ્યું, તેથી કોઈએ 'એમ ન સમજવું કે ભેદરૂપ કાંઈ વસ્તુ જ નથી.' અવિદ્યમાન છે એટલે કે સ્વભાવમાં નથી. વળી તેને અસત્યાર્થ કહ્યો તો પણ વસ્તુપણે છે ખરો પણ સ્વભાવમાં નથી. પરના અવલંબને શુભાશુભ વિકાર જો વર્તમાન અવસ્થામાં પણ ન જ હોય તો પુરુષાર્થ કરી, વિકારને ટાળી, અવિકારી નિર્મળ થાઉં એવો અવકાશ જ રહે નહિ. વર્તમાન અવસ્થામાં વિકાર છે, પણ જ્ઞાની તે વર્તમાન ભેદને જોતા નથી. *(ક્રમશઃ)*

❑ ❑ ❑

---

સમ્યગ્દર્શન થતાં જ જીવ ચૈતન્યમહેલનો માલિક થઈ ગયો. તીવ્ર પુરુષાર્થીને મહેલમાંનો અસ્થિરતારૂપ કચરો કાઢતાં ઓછો વખત લાગે, મંદ પુરુષાર્થીને વધારે વખત લાગે; પરંતુ બંને વહેલામોડા બધો કચરો કાઢી કેવળજ્ઞાન અવશ્ય પ્રાપ્ત કરશે જ.

પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત બોલ નં. [illegible]

વૈભવશાળી ભગવાન આત્માના લક્ષે પ્રગટ થતો

# આત્મવૈભવ

[ગતાંકથી ચાલુ]

## ચિતિશક્તિ

પહેલી શક્તિમાં આત્માનું જીવન બતાવ્યું; તે જીવન કેવું છે? તે આ બીજી શક્તિમાં બતાવે છે. ચૈતન્યપ્રાણને ધારણ કરીને આત્મા જીવે છે એટલે તેનું જીવન ચૈતન્યથી ભરપૂર છે ને જડપણું તેનામાં જરાય નથી. જડતાના અભાવરૂપ એટલે અજડત્વસ્વરૂપ એવી ચિતિશક્તિ આત્મામાં છે.

આત્માના સ્વભાવમાં ચેતનપણું પૂરેપૂરું છે ને જડપણું જરાય નથી. પુણ્ય-પાપના વિકલ્પો પણ ખરેખર ચૈતન્યપ્રકાશ વગરના હોવાથી જડ છે, તેના વગરનો આત્માનો અ-જડસ્વભાવ છે. ભગવાનઆત્મા તો સ્વ-પરપ્રકાશી ચેતકસ્વભાવી છે, પોતે પોતાને જાણે એવો છે ને શુભાશુભ રાગ તો સ્વ-પરને નહિ જાણનારા છે. બીજો તેને જાણે ત્યારે તે જણાય એવા તે છે, એટલે તે જડસ્વભાવી છે. આત્મા એવા જડસ્વભાવ વગરનો છે અને આવા સ્વભાવની સન્મુખ જે પરિણમન થયું તેમાં પણ જડત્વનો અભાવ છે. તે પરિણમનમાં ચૈતન્યપણું ભરેલું છે પણ જડપણાથી તે ખાલી છે, વિકારનું પરિણમન તેમાં નથી. જ્ઞાનના પરિણમનમાં અનંતગુણનું પરિણમન છે પણ વિકારનું પરિણમન નથી. આનું નામ ખરું 'અજડત્વ' છે.

સામાન્યપણે 'આત્મા જડ નથી' એમ તો બધા કહે, પણ જડ નથી એટલે આત્મા ચિતિશક્તિવાળો છે ને ચિતિશક્તિના પરિણમનમાં વિકાર પણ નથી–એવું અંદરનું ભેદજ્ઞાન તો જ્ઞાનીને જ હોય છે. એકેક શક્તિમાં તો ઘણું રહસ્ય ભર્યું છે. આચાર્યદેવે સ્વાનુભવનું ઘોલન કરી–કરીને એકેક શક્તિ કાઢી છે. એકેક શક્તિના વર્ણનમાં સ્વાનુભવનો રસ નીતરે છે. અહો! સમયસારમાં તો સંતોએ સ્વાનુભવનો રસ રેડ્યો છે.

ભાઈ! આ તારા આત્માનું વર્ણન છે; તારો આત્મા કેવો સુંદર છે તેની વાત છે. સુંદર એટલે શુદ્ધ! શુદ્ધતામાં સુંદરતા છે, અશુદ્ધતામાં સુંદરતા નથી, શોભા નથી. જગતમાં

જે કાંઈ સુંદરતા કે પવિત્રતા છે તે બધી તારા ચેતનમાં જ ભરી છે. તેનો પ્રેમ કરીને તેને અનુભવમાં લે!

આ આત્મા પોતે અનંતશક્તિસંપન્ન પરમેશ્વર છે, પોતે ભગવાન છે, તેની આ ભાગવત્કથા છે; જૈન ભગવાને કહેલું આ ખરું ભાગવત્ છે. જેણે એક સમયમાં ત્રણકાળ ત્રણલોકને જાણ્યા તથા પોતાના સમસ્ત આત્મવૈભવને ખોલ્યો એવા સર્વજ્ઞભગવાનની વાણીમાંથી આવેલું આ સમયસાર મહાભાગવત્ છે!

આચાર્યદેવ સ્વસંવેદનથી કહે છે કે અહો આ ચૈતન્યશક્તિ તો જાગૃત સ્વરૂપ છે, તેનામાં જડપણું જરાય નથી. અનંતશક્તિથી ભરેલા એકલા ચૈતન્યપિંડરૂપે જ આત્મા અનુભવાય છે. જો કે આવી ચિતિશક્તિ બધાય જીવોમાં છે, પણ અજ્ઞાનીને તે તરફ વલણ નથી તેથી તેને તેનું નિર્મળ પરિણમન પ્રગટતું નથી, તેને તે અશુદ્ધપણે પરિણમે છે; આનું નામ સંસાર છે! અને નિજશક્તિનું ભાન થતાં શુદ્ધ દ્રવ્યના લક્ષે શક્તિઓનું નિર્મળ પરિણમન પ્રગટે છે, તેને મોક્ષમાર્ગ અને મોક્ષ કહેવાય છે.

ખરી ચિતિશક્તિ એટલે ચેતના તેને કહેવાય કે જે પોતાને ચેતે–જાણે. જો પોતે પોતાને ન જાણી શકે તેને ચેતના કોણ કહે? એ તો જડતા થઈ. ગાથા ૭૨માં આત્મા અને આસ્રવો વચ્ચે ભેદજ્ઞાન કરાવતાં કહ્યું છે કે આસ્રવો પોતે પોતાને કે પરને જાણી શકતા નથી માટે તેમને જડસ્વભાવપણું છે, ચૈતન્યથી અન્યપણું છે અને ભગવાનઆત્મા તો પોતે જ સ્વ-પરને જાણનારો ચેતક છે, તેથી તેને ચૈતન્યસ્વભાવપણું છે. આ રીતે આત્માને અને રાગાદિ આસ્રવોને ભિન્નપણું છે. એ જ વાત અહીં ચિતિશક્તિમાં બતાવી છે.

આત્માની ચિતિશક્તિ કેવી છે?–અજડસ્વરૂપ છે, તેનામાં જડતા નથી, અજ્ઞાન નથી. રાગરૂપ જે પરિણમન થાય તેને ચિતિશક્તિનું પરિણમન કહેતા નથી. ચૈતન્યપ્રાણરૂપ આત્માનું જીવત્વ છે; જીવત્વની સાથે ચિતિશક્તિ જો ન હોય તો આત્મા જડ થઈ જાય. ચેતના વગર જીવ વર્તે શેમાં?

શું રાગદ્વેષમાં વર્તે તે જીવનું જીવપણું છે?.....ના.

ચેતનામાં તન્મયપણે વર્તે એ જ જીવનું જીવપણું છે.

જીવના આવા જીવનની સમ્યગ્દષ્ટિને જ ખબર છે, અજ્ઞાનીને તેની ખબર નથી. ‘જીવ’ કોને કહેવો તે જ તે જાણતો નથી તો પછી જીવનું સાચું જીવન તો તેને ક્યાંથી

પ્રગટે? જીવનું સાચું જીવન રાગમાં નથી, જીવનું સાચું જીવન તો ચેતનામાં છે.

અનંતા જીવો મોક્ષ પામ્યા, અનેક તીર્થંકરો ને લાખો કેવળી ભગવંતો મધ્યલોકમાં અરિહંતપણે વિચરે છે, કરોડો સંતમુનિઓ, અસંખ્યાતા શ્રાવકો ને અસંખ્યાતા સમ્યગ્દૃષ્ટિ જીવો અત્યારે છે તે સૌએ જીવનું જીવપણું આ રીતે જાણ્યું છે. ચૈતન્યપ્રાણથી જીવનારો જીવ! તેનામાં જડપણું એટલે કે ઈન્દ્રિયો કે રાગ-દ્વેષ નથી. રાગ-દ્વેષમાં તન્મય વર્તે તે જીવ નહિ, એકેન્દ્રિયાદિપણું વગેરે જે વ્યવહારજીવત્વ છે તે ખરેખર જીવ નથી, ઈન્દ્રિયના સંયોગે જીવને ઓળખાવવો તે સાચા જીવની (પરમાર્થજીવની) ઓળખાણ નથી. ચૈતન્યભાવમાં વર્તે તે જ સાચો જીવ છે. (જીવત્વશક્તિમાં આ સંબંધી ઘણું વિવેચન આવ્યું છે.)

અજ્ઞાનને લીધે અનાદિથી દેહમાં ને રાગાદિભાવોમાં પોતાપણે વર્તતો ત્યારે અશુદ્ધ પરિણમન હતું. તેમાં જીવનું ખરું જીવત્વ ન હતું, શોભા ન હતી. સ્વલક્ષે સમ્યગ્દર્શન થતાં ચેતનાનું સમ્યક્ પરિણમન થયું તેમાં જીવનું ખરું જીવત્વ છે ને તેમાં જીવની શોભા છે.

જીવનું સાચું જીવત્વ ને જીવની શોભા શેમાં છે?

★ શું રાગમાં વર્તે તે જીવનું જીવત્વ છે?

— ના; રાગમાં વર્તે તે જીવનું સાચું જીવત્વ નથી.

★ શું વ્યવહારના વિકલ્પમાં વર્તે તેમાં જીવની શોભા છે?

— ના; વિકલ્પમાં વર્તે તેમાં જીવની શોભા નથી.

★ શું દેહ કે ઈન્દ્રિયોમાં જીવનું જીવત્વ છે?

— ના; તેમાં પણ જીવની શોભા નથી, જીવત્વ નથી.

એ તો બધા અ–જીવ છે; જીવનો સ્વભાવ નથી માટે અજીવ છે; તેના આધારે જીવનું સાચું જીવત્વ પ્રગટે નહિ.

ભાઈ! આ તારા સ્વભાવની વાત છે. આત્માનો સત્સ્વભાવ જેવો છે તેવો જાણ્યા વગર કદી સત્ પ્રગટશે નહિ ને અસત્પણું ટળશે નહિ. એકવાર ધીરજથી અંદર જો તો ખરો કે અનંતગુણથી ભરપૂર તારું તત્ત્વ કેવું છે!

કોઈ કંટાળાથી કહે કે આ વાત કઠણ લાગે છે. તો કહે છે કે અરે! ભગવાન-આત્માની ભાવના તેં છોડી દીધી ને વિકારની ભાવના કરી, તેથી વિકાર તને સુગમ લાગે છે ને આત્મા તને કઠણ લાગે છે; એટલે તું આત્માની ચાહ વગરનો બહિરાત્મા છો. આત્માનો કામી હોય તેને તેની ભાવનામાં કંટાળો આવે નહિ પણ ફરી ફરીને તેની ભાવના કરવાનો ઉત્સાહ થાય ને તેમાં આનંદ આવે. વિષય–કષાયના ભાવોમાં ચોવીસે કલાક વર્તતા તેમાં તને કંટાળો નથી આવતો ને આત્માની ભાવનામાં તને કંટાળો આવે છે! તો તું જ નક્કી કરી લે કે તારી રુચિનું વલણ ક્યાં છે? અરે! આ તો વીતરાગી સંતો તને તારો 'આત્મવૈભવ' દેખાડે છે, જેને જોતાં તને અપાર આનંદ થશે. આત્માની ખરી રુચિ કરીને સમજવા માંગે તો પોતાનું સ્વરૂપ સુગમતાથી સમજાય તેવું છે. એ કોઈ પારકી વસ્તુ નથી પણ પોતાની જ વસ્તુ છે; પોતે પોતાનું સ્વરૂપ સમજવા માંગે તો ન સમજાય એમ કેમ બને?

ભગવાનઆત્મા મહાન પદાર્થ, તે પોતાની ચૈતન્યશક્તિ વગર શેમાં ટકે? શેમાં વર્તે? શેમાં રમે? રાગમાં ને પરભાવમાં રમે એને તો ખરો આત્મા કોણ કહે! અનંતગુણોમાં વ્યાપેલી પોતાની ચૈતન્યશક્તિમાં જીવ વર્તે છે–રમે છે–ટકે છે. જો તે શક્તિ ન હોય તો આત્મા જડ થઈ જાય. આ ચૈતન્યશક્તિ આત્માને કદી જડ થવા દેતી નથી માટે તેનું લક્ષણ 'અજડત્વસ્વરૂપ' છે. આવી અજડત્વ–લક્ષણવાળી ચેતનાશક્તિ આત્મામાં ત્રિકાળ છે. આવા આત્માને જે જાણે તેને તો અનુભવમાં અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે; ને આવું થાય ત્યારે સમ્યગ્દર્શન થયું કહેવાય. સમ્યગ્દર્શન વગર આત્માને ઓળખ્યો ક્યાંથી? ને ઓળખાણ વગર ધર્મ કેવો?

આત્મા જ્યાં સ્વાનુભવ કરતો જાગ્યો ને તેની ચૈતન્યશક્તિનું નિર્મળ પરિણમન થયું તેમાં શુભવિકલ્પ વગેરે વ્યવહારનો અભાવ છે. અહીં 'અજડત્વ' એમ કહીને તે અભાવની વાત બતાવી દીધી છે. આત્માના નિર્મળ પરિણમનમાં ચિતિશક્તિની અસ્તિ અને તેમાં જડતાની નાસ્તિ! એમ એક શક્તિના વર્ણનમાં અસ્તિ–નાસ્તિ બંને સમાઈ જાય છે. નિર્મળ ગુણ–પર્યાય તે જીવ—એમ અસ્તિ કહેતાં વ્યવહારનાં વિકલ્પો વગેરે જીવ નહિ—એમ નાસ્તિનું જ્ઞાન તેમાં આવી ગયું. શુદ્ધ જીવને 'અજડ' કહીને ખરેખર તો તેનાથી અન્ય બધા ભાવોને જડના પડખામાં નાંખી દીધા. આમ, સ્પષ્ટપણે બે ભાગ વહેંચી નાંખ્યા.

આત્માની ચિતિશક્તિમાં રાગ-દ્વેષની ઉત્પત્તિ કરવાપણું નથી, તે તો ચૈતન્યભાવને જ ઉત્પન્ન કરનારી છે. આવી શક્તિવાળા આત્માને લક્ષમાં લેતાં જ રાગ-દ્વેષ વગરની ચૈતન્યપર્યાય પ્રગટી; નિર્મળશક્તિ સાથે તે પર્યાયની એકતા થઈ ને રાગાદિ સાથેની એકતા તૂટી. આમ સ્વભાવની અસ્તિ ને વિભાવની નાસ્તિ (નિશ્ચયનો આશ્રય ને વ્યવહારનો નિષેધ) એમ બંને વાત ભેગી ને ભેગી જ છે. એક પડખું યથાર્થ જાણતાં બધા પડખાનું જ્ઞાન તેમાં આવી જાય છે.

શુભરાગવડે ચૈતન્યભાવ પ્રગટે એવું કારણ–કાર્યપણું નથી પણ ચિતિશક્તિના આશ્રયે ચૈતન્યભાવ પ્રગટે એવું કારણ-કાર્યપણું છે; તથા ચૈતન્યભાવની અસ્તિમાં રાગની નાસ્તિ એવું અસ્તિ-નાસ્તિપણું છે.

અહીં 'ચિતિશક્તિના આશ્રયે ચૈતન્યભાવ પ્રગટે' એમ કહ્યું, તેમાં ચિતિશક્તિનો આશ્રય કહેતાં ચિતિશક્તિવાળા આખા આત્માનો આશ્રય સમજવો. એના આશ્રયે ચૈતન્યભાવ એટલે અનંતગુણોની નિર્મળ પર્યાય પ્રગટે છે. બાકી એક ગુણને જુદો લક્ષમાં લઈને આશ્રય કરવા જતાં તો વિકલ્પ થાય છે, નિર્મળતા થતી નથી.

પોતાની આત્મશક્તિને ભૂલીને શુભભાવ જીવે અનંતીવાર કર્યા, પણ એમાં ક્યાં ધર્મ હતો! એ તો રાગ હતો. તે કાંઈ આત્માની ચિતિશક્તિનું કામ ન હતું. જો ચિતિશક્તિ રાગને કરવા માંડે તો આત્મા 'અ–જડ' ન રહે પણ જડરૂપ થઈ જાય એટલે કે સ્વ-પરને જાણી શકે નહિ. ચિતિશક્તિને લીધે આખો આત્મા (તેના બધા ગુણ-પર્યાયો) અજડરૂપ છે. આ શક્તિનું કાર્ય સ્વ-પરને ચેતવવાનું છે; રાગ તેનું કાર્ય નથી, કેમ કે રાગમાં કંઈ સ્વને કે પરને ચેતવવાની તાકાત નથી. તેથી તો તેને જડસ્વરૂપ કહીને તદ્દન ભેદજ્ઞાન કરાવ્યું છે. વાહ! એકકોર અજડસ્વરૂપી ભગવાનઆત્મા! ને બીજીકોર જડસ્વરૂપ રાગાદિ સમસ્ત ભાવો. સ્પષ્ટ વહેંચણી કરીને ભેદજ્ઞાન કરાવ્યું છે.

જ્યાં આટલું સ્પષ્ટ ભેદજ્ઞાન કરાવ્યું છે ત્યાં શુભરાગથી સ્વભાવ પ્રગટે એ વાત ક્યાં રહી! નિર્મળપર્યાય પ્રગટી તે સ્વભાવના આશ્રયે પ્રગટી છે, કોઈ પર કે શુભવિકલ્પ તેનું કારણ નથી. ચિતિશક્તિને (કે આત્માની કોઈ પણ શક્તિને) રાગની સાથે કારણ–કાર્યપણું નથી. ચિતિશક્તિમાં (કે આત્માની એક્કેય શક્તિમાં) રાગ ક્યાં છે કે તે રાગને કરે? શક્તિમાં તો રાગનો અભાવ છે; શક્તિમાંથી રાગ પ્રગટે નહિ ને શક્તિ રાગને કરે નહિ. શુભાશુભ રાગ થાય તે કાંઈ આત્માની શક્તિનું કાર્ય નથી. નિર્મળપર્યાયો સાથે

જ શક્તિને કારણ-કાર્યપણું છે. આ વાત ખાસ સમજવા જેવી છે. નિશ્ચય-વ્યવહાર વગેરેના ખુલાસા આમાં સમાઈ જાય છે.

હવે અહીં આ જીવત્વ વગેરે શક્તિઓમાં ઉપશમાદિ પાંચ ભાવોમાંથી ક્યા ભાવો લાગુ પડે છે તે વાત લઈએ. અહીં 'જ્ઞાનમાત્ર ભાવ' સાથે પરિણમતી શક્તિઓની વાત છે એટલે કે નિર્મળપણે પરિણમતી શક્તિઓની વાત છે. તેથી, ઉદયભાવ તેમાં લાગુ ન પડે કેમકે તે તો વિકાર છે. ત્રિકાળીશક્તિ તે પારિણામિકભાવે વર્તે છે ને તેના આશ્રયે જે નિર્મળ પરિણમન થયું તેમાં ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષાયિકરૂપ નિર્મળભાવ સમાય છે; ઉદયભાવ તેમાં સમાતો નથી. અજ્ઞાનીને ઉદયભાવ છે તેમજ સાધકને પણ ભૂમિકા પ્રમાણે ઉદયભાવ વર્તે છે પણ તેને ખરેખર શક્તિનો ભાવ કહેતા નથી. શક્તિ તે પારિણામિકભાવે અને તેની પર્યાય ઉપશમાદિ નિર્મળ ભાવરૂપે છે. (એટલી વિશેષતા છે કે જ્ઞાન વગેરે કેટલાક ગુણોની પર્યાયમાં ઉપશમભાવ નથી હોતો, તેમાં ક્ષયોપશમ કે ક્ષાયિકભાવ હોય છે. ઉદયભાવને તો અહીં જુદો જ ગણ્યો છે, કેમ કે તે ખરેખર શક્તિનું કાર્ય નથી.) એકેક શક્તિમાં પોતાના સ્વતંત્ર છ કારક, ચાર નિર્મળભાવો વગેરે વૈભવ ભરેલો છે ને એવી અનંતશક્તિનો વૈભવ આત્મામાં છે. આ કાંઈ ગોખી-ગોખીને પરાણે યાદ રાખવું પડે તેવું નથી પણ અંતરમાં વસ્તુ છે તેને દૃષ્ટિમાં લેવાની છે. દૃષ્ટિ કરતાં જ આ બધી દોલત (આત્મવૈભવ) પ્રાપ્ત થાય છે.

જેમ આત્મસ્વભાવ અનાદિઅનંત સહજસ્વભાવે વર્તે છે તેમ તેની જ્ઞાનાદિ અનંત શક્તિઓ પણ કોઈ નિમિત્ત વગર અહેતુકપણે અનાદિઅનંત પરમપારિણામિકભાવે વર્તે છે ને તેના ઉપર દૃષ્ટિ કરતાં તે ઉપશમ ક્ષયોપશમ કે ક્ષાયિકભાવરૂપે પરિણમે છે. આ રીતે અહીં શક્તિમાં ચાર ભાવો લાગુ પડે છે. ઉદયભાવ અહીં લાગુ પડતો નથી. પાંચ ભાવોમાંથી સિદ્ધને બે ભાવો હોય, સાધકને પાંચે ભાવો હોય; પણ તેમાંથી ઉદયભાવને ખરેખર જીવ નથી કહેતા. શક્તિ સાથે અભેદરૂપ એવો નિર્મળભાવ પ્રગટે તેને જ જીવ કહે છે.

અહો! આવી વસ્તુને જાણતાં આત્મા પોતે કેવળજ્ઞાનના ભણકારા કરતો જાગે છે; કેમકે આત્મામાં 'સર્વજ્ઞશક્તિ' છે એટલે તેને જાણતાં કેવળજ્ઞાનના ભણકાર આવે છે. આત્માની શક્તિમાં કેવળજ્ઞાન ભર્યું છે તો તેમાંથી પ્રગટે છે. કેવળજ્ઞાન કાંઈ વજ્રદેહમાંથી નથી આવતું, પુણ્ય-પાપમાંથી નથી આવતું, અલ્પજ્ઞપર્યાયમાંથી નથી આવતું;

પણ શક્તિમાંથી આવે છે. જેમાં જે ભર્યું હોય તેમાંથી જ તે આવે; ન હોય તેમાંથી ન આવે. આત્મામાં જ્ઞાનશક્તિ ભરી છે એટલે તેમાંથી જ્ઞાન આવે પણ તેમાંથી રાગ ન આવે. જેમાં કેવળ જ્ઞાન ભર્યું હોય તેમાં એકાગ્ર થતાં કેવળજ્ઞાન આવે કે રાગ આવે? જ્ઞાનમાંથી જ્ઞાન આવે પણ રાગ ન આવે; ચિતિશક્તિ પારિણામિકભાવે છે ને તેમાંથી કેવળજ્ઞાન પ્રગટ્યું તે ક્ષાયિકભાવે છે. સિદ્ધભગવંતોને આ બે ભાવો હોય છે. અરિહંતભગવંતોને પણ આ બે ભાવો હોય છે; ઉદયભાવ જરીક છે પણ તેની આત્મામાં ગણતરી નથી કેમકે પહેલેથી સાધકપણામાં જ તેનો નિષેધ કરતા કરતા અરિહંત થયા છે. સાધકને પહેલેથી જ ઉદયભાવનો નિષેધ કરીને પારિણામિકસ્વભાવ તરફ ઝુકાવ થયો છે, ત્યારે તો સાધકભાવ શરૂ થયો છે.

આ રીતે શક્તિમાં પાંચ ભાવની વાત કરી; હવે તેમાં નવતત્ત્વ લઈએ તો ત્રિકાળી જ્ઞાનાદિ શક્તિ તે શુદ્ધજીવતત્ત્વ; તે શક્તિની નિર્મળપર્યાય થઈ તે સંવર-નિર્જરા કે મોક્ષતત્ત્વ; અજીવ, પુણ્ય-પાપ, આસ્રવ ને બંધ એ તત્ત્વો આ શક્તિમાં ન આવે, શક્તિના નિર્મળ પરિણમનમાં તેનો અભાવ છે. આ રીતે દરકે શક્તિમાં તેના છ સ્વતંત્ર કારકો, પાંચ ભાવ તથા નવ તત્ત્વ લાગુ કરીને સમજવા.

કોઈને ઝીણું લાગે પણ 'મારા આત્માના પોતાના વૈભવની વાત છે'-એમ લક્ષમાં લઈને ઉત્સાહપૂર્વક સમજવાનો પ્રયત્ન કર તો જરૂર સમજાય તેવું છે. પ્રભુ! તારી પ્રભુતા શું કામ કરે છે તેની તને ખબર નથી! તે અહીં આચાર્યદેવ ઓળખાવે છે. પર્યાયે અંતર્મુખ થઈને જ્યાં દ્રવ્યનું શરણ લીધું ત્યાં નિર્મળતા પ્રગટી. તેમાં ઉપશમાદિ ત્રણ ભાવો તથા સંવર, નિર્જરા ને મોક્ષતત્ત્વ સમાય છે. તારામાં આવી પ્રભુતા સદાય ભરી છે પણ તે પ્રભુતાને ભૂલીને તું પામર થયો છે કે મારે રાગ વિના ન ચાલે. અજ્ઞાની લોકો સંયોગના ને રાગના ગાણા ગાય છે, અહીં સંતો આત્માની પ્રભુતાના વીતરાગી ગાણાં સંભળાવે છે.

લોકો કહે છે કે અનાજ-પાણીની અગવડતામાં જીવવું કેમ? પણ ભાઈ અનાજ-પાણીથી જીવાય એ જીવન જ તારું નથી, ચૈતન્યપ્રાણથી જીવાય એવું જીવન તારામાં છે. તારામાં એવી જીવત્વશક્તિ છે કે અનાજ વગેરે સંયોગ વગર તારું જીવન ટકે! તારી ચેતનાશક્તિ આત્માને કદી જડ થવા દેતી નથી. રાગ વગર પણ જીવે એવો તારો સ્વભાવ છે. રાગમય તારું ખરું જીવન નથી, તારું જીવન તો જ્ઞાનમય છે. આવા ચૈતન્યસ્વભાવમાં દૃષ્ટિ થતાં રાગ વગરનું અજડત્વરૂપ એટલે કે ચેતનરૂપ પરિણમન પ્રગટે છે; તે ચેતનતામાં

જડતાનો અભાવ છે. ભગવાનઆત્મા ‘અ-જડ’ છે, જડનો (એટલે કે શુદ્ધજીવથી ભિન્ન અન્ય સમસ્ત ભાવોનો કે શરીરાદિનો એક અંશ પણ આત્માના સ્વભાવમાં નથી ને તેનું ભાન કરતાં પર્યાયમાં પણ એવું પરિણમન પ્રગટે છે.

આત્મા ચેતનનો સ્વામી છે, જડનો સ્વામી નથી માટે અજડ છે. જડનો સ્વામી જડ હોય, જડનો સ્વામી ચેતન ન હોય; કેમકે સ્વ અને સ્વામી બંનેની જાત એક હોય. રાગનો વિકલ્પ તે પણ ખરેખર ચેતનતાથી બહાર છે, તેને જે નિજરૂપ માને તે ખરેખર આત્માને જડરૂપ માને છે; જડતા વગરની એવી ચિતિશક્તિસ્વરૂપ આત્માને તે જાણતો નથી. ચિતિશક્તિવાળા આત્માનો અનુભવ થતાં પર્યાયમાંથી વિકારરૂપ જડતા છૂટીને ચેતનભાવ પ્રગટે છે. વિકારના એક અંશનુંય કર્તૃત્વ રહે કે તેમાં લાભબુદ્ધિ રહે તો ચેતનનો પિંડ આત્મા અનુભવમાં આવતો નથી. આત્મા નિર્મળ ગુણ-પર્યાયનો પિંડ છે, તેની સાથેના રાગને કે શરીરને આત્મા કહેતા નથી.

જેમ મધુરી મોરલીના નાદે સર્પ ઝેરને ભૂલીને ડોલી ઊઠે, તેમ હે જીવ! આત્માની શક્તિરૂપી મધુરી મોરલીના નાદે સંતો તને કહે છે કે અરે જીવ! તું જાગ...જાગ. તારી આત્મશક્તિનાં શા વખાણ? તારી શક્તિનું શું માપ? એકેક શક્તિ અનંતા સામર્થ્યથી ભરપૂર; આવા તારા સ્વભાવને અભિન્નપણે જાણ, તેમાં તન્મય થઈને જાણ ને રાગાદિને ભિન્નપણે જાણ. જેને જાણતાં વિકારનું ઝેર ઊતરી જાય ને આનંદના અનુભવમાં આત્મા ડોલી ઊઠે એવી આ ૪૭ શક્તિની મોરલી છે. આવી આત્મસ્વરૂપની કથા તે સાચી ધર્મકથા છે. દેહની ક્રિયાથી કે રાગથી લાભ થાય—એવા શ્રવણનો પ્રેમ તે તો વિકથાનું શ્રવણ છે, તેમાં મિથ્યાત્વનું સેવન થાય છે, તેને ધર્મકથા કહેતા નથી. આ તો વીતરાગે જાણેલી, વીતરાગે કહેલી ને વીતરાગ થવા માટેની આત્માના વીતરાગી વૈભવની વાત છે. રાગથી જે લાભ માને છે તેને આત્માના વીતરાગી વૈભવની ખબર નથી, તે તો રાગને જ આત્માનો વૈભવ માને છે. જેનાથી લાભ માને તેનું સેવન કેમ છોડે? રાગથી લાભ માનનારે આત્માને ચિતિશક્તિવાળો ન જાણ્યો પણ રાગવાળો જાણ્યો, જડ જાણ્યો. હે ચૈતન્ય! જાગૃત થઈને તારા નિજસ્વભાવની ખાણમાં દૃષ્ટિ કર, એમાં રાગનો અંશ નથી, પરમાણુ એને અડ્યા નથી. આવા ચિત્સ્વભાવમાં જે પર્યાય વળી તેમાં જડપણું ટળીને અજડપણું થયું! ચિતિશક્તિનો પ્રકાશ પ્રગટ્યો! આવું થાય ત્યારે જ ચિતિશક્તિવાળા આત્માને જાણ્યો કહેવાય.

રાગને તોડીને જે સર્વજ્ઞ થયા છે, વિકલ્પનો એક અંશ પણ જેની પાસે નથી,

તેની સહજ વાણીમાં પણ એવું ન આવે કે વિકલ્પથી લાભ થશે. આત્મા જ્યાં વીતરાગભાવરૂપ પરિણમી ગયો ત્યાં વાણી પણ એવી જ (વીતરાગતાને જ ઉપદેશનારી) પરિણમે—એવો મેળ છે. સર્વજ્ઞદેવ રાગરહિત નિર્દોષ અને તેમની વાણી પણ રાગ વગરની નિર્દોષ, છતાં બંનેનું પરિણમન સ્વતંત્ર. સર્વજ્ઞનો આત્મા પોતાની ચિતિશક્તિમાં અજડત્વપણે પરિણમે છે ને વાણી તેના અચેતનસ્વભાવમાં જડત્વપણે પરિણમે છે.

અજડ એવી ચિતિશક્તિ અનંતગુણસ્વરૂપ આખા આત્મામાં વ્યાપી છે. તે શક્તિના છએ કારકો સ્વતંત્ર છે, એટલે રાગ હતો માટે ચિતિશક્તિનું નિર્મળપરિણમન પ્રગટ્યું એમ નથી. ચિતિશક્તિ આત્માના આધારે એક સમયમાં કારણ–કાર્યરૂપે પોતે જ પરિણમે છે; એટલે તેની ધ્રુવતા ને ઉત્પાદ-વ્યય પોતાથી જ છે.

અહા! કુંદકુંદાચાર્યદેવની અને અમૃતચંદ્રાચાર્યદેવની અજબ શૈલી છે; વીતરાગનાં વચનોનું રહસ્ય ટૂંકમાં બતાવી દીધું છે.

આત્મા ચિતિશક્તિરૂપ છે, તેનું કાર્ય જ્ઞાનચેતના છે. રાગ તો કર્મચેતના છે, તે ચિતિશક્તિનું ખરું કાર્ય નથી. જો શક્તિનું કાર્ય વિકાર હોય તો આખો આત્મા જ વિકારી થઈ ગયો; કેમ કે કાર્ય–કારણ એક જાતના હોય. જેને પોતાનું કાર્ય સ્વીકારે તેને પોતાથી જુદું માની શકે નહિ. અનંતશક્તિસંપન્ન આત્મામાં એકકેય એવો ગુણ નથી કે વિકારનું કારણ થાય કે જડપણે થાય.

હે જીવ! તારા ગુણ–પર્યાય કેવા છે તેનું માહાત્મ્ય તેં જાણ્યું નથી ને પરનું માહાત્મ્ય માન્યું છે. તારા સ્વવૈભવને તું ભૂલ્યો તેથી સંસારમાં રખડ્યો. અહીં આચાર્યદેવ સમસ્ત નિજવૈભવથી એકત્વ આત્માનું સ્વરૂપ દેખાડે છે. આત્માની શક્તિમાં જ્યાં રાગનુંય કર્તૃત્વ નથી ત્યાં પરના કર્તૃત્વની શી વાત?

કોઈ કહે કે आत्मा को पर का कर्ता न माने वह जैन नहीं ।અરે ભાઈ! એમ કહેવું એ તો વીતરાગમાર્ગની મોટી વિરાધના છે. રાગથી લાભ માનવો એ પણ વીતરાગમાર્ગને રાગમાં રોળી નાંખવા જેવું છે. ભાઈ! એનાં ફળ ભોગવવા બહુ આકરા પડશે. વીતરાગનો માર્ગ એવો નથી. અહીં તો પરથી ને રાગથી ભિન્ન એવી આત્મશક્તિઓનું વર્ણન છે.

ધ્રુવમાં એકાગ્ર થતાં પર્યાયમાં શુદ્ધતા પ્રગટે છે; તે ક્ષણિક પર્યાય અંતરમાં અભેદ

થાય છે. આ રીતે ધ્રુવપણું ને ક્ષણિકપણું બંને એક સમયમાં ચિતિશક્તિમાં (ને તે રીતે દરેક શક્તિમાં) આવી જાય છે. આત્માની અનંત શક્તિઓમાંથી એક ચિતિશક્તિનું કાર્ય શું? તેનું પરિણમન શું? તો કહે છે કે પોતે અજડભાવે પરિણમે અને બીજા અનંત ગુણોને પણ અજડ એટલે કે ચેતનભાવે પરિણમાવે એવું ચિતિશક્તિનું કાર્ય છે. એકેક સમયની પર્યાયમાં અનંત શક્તિઓ એક સાથે પરિણમે છે. ગુણભેદે દરેક ગુણનું સામર્થ્ય જુદું હોવા છતાં આત્મદ્રવ્યના સામર્થ્યમાં બધા ગુણોનું સામર્થ્ય સમાઈ જાય છે; અભેદ આત્માના અનુભવમાં અનંતગુણની નિર્મળતાનું વેદન એકસાથે છે. (સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ).

અહો! આત્મા ચૈતન્ય–મહાસત્તા છે, તેને લક્ષમાં લે. તેમાં લક્ષ જતાં, જ્ઞાન જેનું લક્ષણ નથી એવા સમસ્ત પરભાવોનું લક્ષ છૂટી જશે. એક આત્મામાં અનંત ગુણો, એકેક ગુણમાં અનંત પર્યાયનું સામર્થ્ય! ને એકેક પર્યાયમાં પણ સર્વજ્ઞતા વગેરેનું અનંત સામર્થ્ય! આવડું જીવતત્ત્વ છે. 'આવું છે' એમ અસ્તિથી કહેતાં 'રાગાદિરૂપ નથી' એમ નાસ્તિની વાત પણ તેમાં સમાઈ જાય છે. આવા જીવતત્ત્વને જાણીને તેમાં એકાગ્ર થતાં સંવર-નિર્જરા-મોક્ષરૂપ નિર્મળભાવ પ્રગટ્યા, તેમાં અજીવનો તથા આસ્રવબંધનો અભાવ છે. જેનો અભાવ છે તેને યાદ ન કરતાં જે અસ્તિરૂપ સત્‌સ્વભાવ છે તે બતાવ્યો છે.

જુઓ, આ આચાર્યદેવની શૈલી! ઘણી ગંભીરતા છે. શરૂઆતના મંગલાચરણમાં પણ नमः समयसाराय એમ કહીને તે 'સમયસાર'ના ચાર વિશેષણો અસ્તિરૂપ વર્ણવ્યા–

भावाय એમ કહીને સત્તારૂપ દ્રવ્ય બતાવ્યું.

चित्स्वभावाय એમ કહીને તેનો ગુણ બતાવ્યો.

सर्वभावान्तरच्छिदे એમ કહીને પર્યાયની તાકાત બતાવી.

स्वानुभूत्या चकासते એમ કહીને સ્વસંવેદનપ્રત્યક્ષવડે જ તે અનુભવમાં આવે છે–એમ બતાવ્યું.

આમાં નાસ્તિના બોલની વાત ન લીધી પણ તેમાં રાગાદિના અભાવરૂપ પરિણમન છે એટલે રાગાદિની નાસ્તિ આવી જ જાય છે. જીવ અને સંવરની અસ્તિ, તેમાં અજીવ અને આસ્રવની નાસ્તિ; જુઓ, આ જૈનધર્મની અનેકાંત શૈલી! અહીં જીવત્વશક્તિ, ચિતિશક્તિ વગેરે શક્તિના વર્ણનમાં પણ અસ્તિથી વાત કરી, તેમાં રાગાદિની નાસ્તિ

આવી જ જાય છે. પ્રત્યેક શક્તિની અસ્તિમાં તથા તેના નિર્મળ પરિણમનમાં વિકારનો ને પરનો અભાવ વર્તે છે. આવું પરિણમન પ્રગટે ત્યારે શક્તિનું ભાન થયું કહેવાય. શુદ્ધદ્રવ્યમાં લક્ષ કરીને જ્યાં પર્યાય તેમાં લીન થઈ ત્યાં રાગનો એમાં અભાવ જ છે. આ રીતે ચિતિશક્તિના પરિણમનમાં અનેકાંત સ્વયમેવ પ્રકાશે છે. આત્માના જ્ઞાનમાત્રભાવરૂપ પરિણમનમાં આવી જીવત્વશક્તિ, ચિતિશક્તિ વગેરે અનંત શક્તિ એકસાથે પરિણમતી હોવાથી જ્ઞાનમાત્ર ભગવાનઆત્મામાં સ્વયમેવ અનેકાન્ત પ્રકાશે છે.

અનેકાંતપણે પ્રકાશતા આ આત્માની અનંત શક્તિમાંથી પહેલી જીવત્વશક્તિ અને બીજી ચિતિશક્તિનું વર્ણન કર્યું. હવે ચિતિશક્તિમાં દર્શન અને જ્ઞાન બંને સમાયેલા છે; તે બંનેનું જુદું જુદું વર્ણન ત્રીજી અને ચોથી શક્તિમાં કરશે. *(ક્રમશઃ)*

---

પ્રશ્ન :—સર્વગુણાંશ તે સમ્યક્ત્વ કહ્યું છે, તો શું નિર્વિકલ્પ સમ્યગ્દર્શન થતાં આત્માના બધા ગુણોનું આંશિક શુદ્ધ પરિણમન વેદનમાં આવે?

ઉત્તર :—નિર્વિકલ્પ સ્વાનુભૂતિની દશામાં આનંદ-ગુણની આશ્ચર્યકારી પર્યાય પ્રગટ થતાં આત્માના બધા ગુણોનું (યથાસંભવ) આંશિક શુદ્ધ પરિણમન પ્રગટ થાય છે અને બધા ગુણોની પર્યાયોનું વેદન થાય છે.

આત્મા અખંડ છે, બધા ગુણો આત્માના જ છે, તેથી એક ગુણની પર્યાય વેદાય તેની સાથે સાથે બધા ગુણોની પર્યાયો અવશ્ય વેદનમાં આવે છે. ભલે બધા ગુણોનાં નામ ન આવડે અને બધા ગુણોની સંજ્ઞા ભાષામાં હોય પણ નહિ, તોપણ તેમનું સંવેદન તો થાય છે જ.

સ્વાનુભૂતિકાળે અનંતગુણસાગર આત્મા પોતાના આનંદાદિ ગુણોની ચમત્કારિક સ્વાભાવિક પર્યાયોમાં રમતો પ્રગટ થાય છે. તે નિર્વિકલ્પ દશા અદ્ભુત છે, વચનાતીત છે. તે દશા પ્રગટતાં આખું જીવન પલટો ખાય છે.

*પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત બોલ નં. ૪૨૩.*

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન :—ઉગ્ર વેદન માટે શું કરવું?*

સમાધાન :—તેનો અભ્યાસ અંતરમાં કર્યા કરે. વારંવાર તેમાં ઉગ્રતા કેમ થાય તેવી ભાવના કરતાં કરતાં પુરુષાર્થ ઉગ્ર થાય તો કાર્ય આવે, પણ અભ્યાસ કરતાં થાકવું નહિ. અભ્યાસ તો કર્યા જ કરવો. તેને છોડવો નહિ. તેની સન્મુખતા તરફનો પ્રયત્ન છોડવો નહિ.

*પ્રશ્ન :—અજ્ઞાનીના અને જ્ઞાનીના ઈન્દ્રિયજ્ઞાનમાં કાંઈ ફેર ખરો?*

સમાધાન :—બહારનું જાણવાની અપેક્ષાએ બન્નેનું જ્ઞાન સરખું છે, પણ બંનેની દિશા જુદી છે. જ્ઞાનીને યથાર્થ જ્ઞાન છે, એટલે તેને ભેદજ્ઞાનપૂર્વક જ્ઞાન થાય છે પણ ક્યાંય એકત્વ નથી થતું. તેથી જ્ઞાની સ્વની દિશામાં રહીને એટલે કે સ્વને સાથે રાખીને પરને જાણે છે, તે સ્વને છોડતો નથી. આમ તેની દિશા જુદી છે, સ્વ તરફની છે. જ્યારે અજ્ઞાની જાણે બહાર ચાલ્યો ગયો હોય તે રીતે પરને જાણે છે. બહારનું જાણવું કે આ કમાડ છે, આ છે, તે છે, તે જાણવાની અપેક્ષાએ બન્નેનું જ્ઞાન સરખું છે. પણ તેની (જ્ઞાનીની) દિશા જુદી છે. તે જુદી (સ્વની) દિશામાં ઊભો રહીને જાણે છે અને અજ્ઞાની જુદી દિશામાં–પરમાં એકત્વ કરીને જાણે છે. આ રીતે જોવા જોવામાં ફેર છે. જ્ઞાનીને અતીન્દ્રિય જ્ઞાનની પરિણતિ પ્રગટ થઈ છે. એ પૂર્વક અધૂરાશ છે એટલે ઉપયોગ બહાર જાય છે. જાણવામાં એટલો એને ઈન્દ્રિયનો અને મનનો આશ્રય આવે છે અને અજ્ઞાનીને તો એકલું ઈન્દ્રિયજ્ઞાન જ છે, સ્વનું જ્ઞાન નથી. જ્ઞાનીની દિશા જ જુદી છે. પોતે સ્વ તરફ પરિણતિ રાખીને, પર તરફ ઉપયોગ જાય ત્યારે પરથી છૂટો રહીને જાણે છે. આમ જાણવાની આખી દિશા જુદી છે. એટલે એમ પણ કહેવાય કે જ્ઞાનીની બધી પરિણતિ જ્ઞાનરૂપે જ પરિણમે છે અને અજ્ઞાનીનું જાણેલું બધું જ્ઞાન અજ્ઞાન કહેવાય છે—કેમકે તે સ્વને જાણતો નથી ને પરમાં એકત્વ થઈને જાણે છે. જ્ઞાની ઈન્દ્રિયથી મને લાભ થાય, તેના આશ્રયથી હું જાણું છું તેમ માનતો નથી. તે જુદો રહીને જાણે છે, પોતે પોતાના સ્વતઃ પરિણમનને જુદું રાખીને જાણે છે.

વિદ્યાર્થીઓ માટે સોનગઢમાં ગ્રીષ્મકાલીન

## ❀ ધાર્મિક શિક્ષણવર્ગ ❀

ગ્રીષ્મકાલીન શિક્ષણવર્ગ ઉનાળુ વેકેશન દરમ્યાન તા. ૧૧-૫-૨૦૧૦ મંગળવારથી થી તા. ૩૦-૫-૨૦૧૦ રવિવાર સુધી સોનગઢમાં રાખવામાં આવેલ છે. આ વીસ દિવસીય શિક્ષણવર્ગમાં ઉત્તમ તેમજ મધ્યમ એમ બે કક્ષા રાખવામાં આવશે.

મુમુક્ષુમંડળનાં બાળકો તેમજ યુવાનોને અધ્યાત્મપ્રધાન ધાર્મિક સંસ્કાર પ્રાપ્ત થાય તે હેતુથી આપના મુમુક્ષુમંડળના બાળકો તેમજ યુવાનોને આ ધાર્મિક શિક્ષણવર્ગમાં અવશ્ય મોકલવા સર્વ મુમુક્ષુ મંડળોને અનુરોધ છે.

સૂચના— (૧) વિદ્યાર્થીઓ માટે આવાસ તથા ભોજનની વ્યવસ્થા નિઃશુલ્ક રહેશે.
(૨) વિદ્યાર્થીઓ પોતાના આગમનની આગોતરી સુચના ટપાલ દ્વારા મોકલાવે.

*પ્રબંધક– શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ*
*સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)*

આત્મધર્મ (ગુજરાતી) માસિક-પત્ર સંબંધી માહિતી

## ફોર્મ નં. ૪, નિયમ નં. ૮

| | | |
|---|---|---|
| સમાચાર પત્રનું નામ | : | આત્મધર્મ |
| પ્રકાશન તારીખ | : | દરેક માસની પંદરમી તારીખ |
| પ્રકાશક અને મુદ્રકનું નામ | : | ચિમનલાલ ઠાકરશી મોદી, મુ. સોનગઢ, જિ. ભાવનગર |
| રાષ્ટ્રીયતા | : | ભારતીય |
| પ્રકાશન સ્થાન | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ, તા. શિહોર, જિ ભાવનગર |
| માલિક | : | શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦ |
| તંત્રી | : | હીરાલાલ ભીખાલાલ શાહ, સોનગઢ |
| મુદ્રણસ્થાન | : | કહાન મુદ્રણાલય, જૈન વિદ્યાર્થી ગૃહ, સોનગઢ |

હું હસમુખલાલ પોપટલાલ વોરા આથી જાહેર કરું છું કે ઉપર આપેલ વિગત મારી જાણ સમજ મુજબ સાચી છે.

નિવેદક :—હસમુખલાલ પોપટલાલ વોરા
તા. ૧-૩-૨૦૧૦ અધ્યક્ષ : શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

# સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ

પ્રાતઃ ૮-૦૦ થી ૮-૪૫ : જિનેન્દ્ર-દર્શન-પૂજા

સવારે ૮-૪૫ થી ૯-૪૫ : પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન

સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ : ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પરમાત્મપ્રકાશ)

બપોરે પ્રવચન પહેલાં : પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ

બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : શ્રી સમયસાર કલશ ટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન

બપોરે પ્રવચન પછી : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ

બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : જિનેન્દ્રભક્તિ

સાંજે ૭-૩૦ થી ૮-૩૦ : શ્રી પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન

### * માનસ્તંભ-પ્રતિષ્ઠા દિન *

તા. ૨૫-૩-૨૦૧૦, ગુરુવારના રોજ સુવર્ણપુરીના શ્રી સીમંધર માનસ્તંભનો ૫૮મો વાર્ષિક પ્રતિષ્ઠાદિવસ પૂજા-ભક્તિના વિશેષ આયોજન પૂર્વક ઉજવવામાં આવશે.

### * મહાવીર જયંતી કહાનગુરુ સંપ્રદાય પરિવર્તન દિવસ *

તા. ૨૮-૩-૨૦૧૦, ચૈત્રસુદ ૧૩, રવિવારના રોજ ભગવાન શ્રી મહાવીરસ્વામીના જન્મકલ્યાણકનો તેમજ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સદ્ધર્મપ્રકાશનના હેતુરૂપ સંપ્રદાય-પરિવર્તનનો ૭૬મો વાર્ષિક દિવસ, તા. ૨૭-૩-૨૦૧૦ શનિવાર તથા તા. ૨૮-૩-૨૦૧૦ રવિવાર એમ દ્વિ-દિવસીય મહોત્સવરૂપે શ્રી હિરાચંદ ત્રિભોવનદાસ દામાણી પરિવાર હસ્તે બ્ર. જસીબેન દામાણીના સૌજન્યથી પૂજન-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

❀

**પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૭૮મો સમ્યક્ત્વજયંતી મહોત્સવ તા. ૬-૩-૨૦૧૦ થી ૧૦-૩-૨૦૧૦ સુધી સુવર્ણપુરી (સોનગઢ)માં શ્રી ઉપનગર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ મલાડ તરફથી અત્યંત ભક્તિઉલ્લાસ સહ ઉજવવામાં આવ્યો. તેના વિસ્તૃત સમાચાર આગામી અંકમાં આપવામાં આવશે.**

**શ્રી રૂપાળીબેન તથા અમરચંદભાઈ વાલજીભાઈ ડગલી, હ. પૌત્ર ડો. મિલન (મયંક), પૌત્રી વિમલ, અલિપ્તા તથા જિનબાળ અમરચંદભાઈ ડગલી, લંડન તરફથી પૂજ્ય ગુરુદેવશ્રી પરિવર્તન દિન—મહાવીરજયંતી અંકના પ્રકાશનાર્થે આજીવન સ્પોન્સર તરીકે સહયોગ મળેલ છે.**

શ્રી શાંતાબેન માંગીલાલજી જૈન પરિવાર અમદાવાદ (ઉદેપુર) ઉપકૃત-
હૃદયભીની ગુરુભક્તિસહ અધ્યાત્મસાધનાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં ઊજવે છે

## પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ૧૨૧મો

# મંગલ-જન્મજયંતી-મહોત્સવ

અત્યંત હર્ષોલ્લાસ સહ નિવેદન કે આપણા પરમ-તારણહાર પરમોપકારી પૂજ્ય સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો આગામી ૧૨૧મો વાર્ષિક મંગલ જન્મોત્સવ અધ્યાત્મ-સાધનાતીર્થ સોનગઢ (સુવર્ણપુરી)માં શ્રી શાંતાબેન માંગીલાલજી જૈન પરિવાર અમદાવાદ (ઉદેપુર) દ્વારા અતિ આનંદોલ્લાસ-પૂર્વક ઉજવવામાં આવશે.

તદ્નુસાર પૂજ્ય ગુરુદેવશ્રીનો આગામી ૧૨૧મો જન્મ-જયંતી (વૈશાખ સુદ-૨)નો મંગળ મહોત્સવ સુવર્ણપુરીમાં તા. ૧૧-૫-૨૦૧૦ મંગળવારથી તા. ૧૫-૫-૨૦૧૦ શનિવાર—પાંચ દિવસ સુધી 'શ્રી તીર્થમંડલ વિધાન પૂજા,' પૂજ્ય ગુરુદેવશ્રીનાં આધ્યાત્મિક સી.ડી. પ્રવચન, પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની વિડિયો ધર્મચર્ચા, સમાગત ગુરુભક્ત વિદ્વાનોનાં શાસ્ત્ર પ્રવચન, ધાર્મિક શિક્ષણવર્ગ, ઘાટકોપર, વઢવાણ તથા મલાડની દિ૦ જૈન ભજનમંડળી દ્વારા દેવ-ગુરુભક્તિ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ આદિ અનેકવિધ રોચક કાર્યક્રમ સહ ઉજવવવામાં આવશે.

ગુરુભક્તિના આ અનુપમ અવસરનો લાભ લેવા માટે ગુરુભક્ત સર્વે મુમુક્ષુઓને સોનગઢ પધારવા માટે અમારા તરફથી ભાવભીનું નિમંત્રણ છે. આવાસ તથા ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવેલ છે.

[આ મહોત્સવની નિમંત્રણપત્રિકાની લેખનવિધિ સોનગઢમાં સમ્યક્ત્વ જયંતી પ્રસંગે તા. ૭-૩-૨૦૧૦ રવિવારના રોજ સંપન્ન થઈ.]

નિમંત્રક
શ્રી શાન્તાબેન માંગીલાલજી જૈન
પરિવારના જયજિનેન્દ્ર

આત્મધર્મ
માર્ચ-૨૦૧૦
અંક-૭ * વર્ષ-૪

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

# પોતાની આત્માર્થતાની મર્યાદા જેમાં તૂટી જાય તેવા ભાવ આત્માર્થીને હોતા નથી

મુમુક્ષુની ભૂમિકામાં અંદર આત્માર્થનું પ્રયોજન મુખ્ય હોય છે. આત્માર્થીને ન શોભે એવી જાતના—મર્યાદા તોડીને જે—વિચારો થાય તેવા આત્માર્થીને હોય નહિ, તેવાં કાર્યો પણ આત્માર્થીને હોય નહિ. જેમાં આત્માર્થતાનું પોષણ થાય, આત્માર્થતા મુખ્ય રહે તેવા ભાવો આત્માર્થીને હોય છે. પોતાની આત્માર્થતાની મર્યાદા જેમાં તૂટી જાય તેવા ભાવ આત્માર્થીને હોતા નથી. પોતાના પરિણામ કઈ જાતના છે તે વિચારીને તેમાં કચાશ હોય તો પોતે પોતાની પાત્રતા વધારવી. મુખ્ય પ્રયોજન તો આત્માર્થતાનું છે. આત્માર્થતાને ક્યાંય નુકશાન પહોંચે તેવા મર્યાદા રહિતના પરિણામ આત્માર્થીનાં હોય નહિ.

—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org

